# બસ સ્ટેન્ડમાં જાહેરાત લગાવનારની સામે દંડનીય કાર્યવાહી થશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરને પાંચ દાયકાનો સમય વિતી જતા મુખ્ય માર્ગો પરના બસ સ્ટેન્ડ પણ જર્જરીત હાલતમાં થઈ ગયા હતા. મુસાફરો બેસી શકે તેવી હાલતમાં ન હોવાથી બસ સ્ટેન્ડ લાખો રૂપીયાના ખર્ચે તાજેતરમાં તંત્ર દ્વારા આધુનિક બનાવવામાં આવ્યા છે. શહેરની સુંદરતામાં નવિન બનાવેલા બસ સ્ટેન્ડ વધારો કરે છે. ત્યારે આ બસ સ્ટેન્ડને કેટલાક વેપારીઓએ જાહેરાતનું માધ્યમ બનાવી દીધુ છે. ખાનગી સંસ્થાના જાહેરાતના સ્ટીકર ચોટાડતા બસ સ્ટેન્ડની હાલત કફોડી બનાવી દીધી છે. ત્યારે મુસાફરો માટે બનાવેલા બસ સ્ટેન્ડમાં જાહેરાતના સ્ટીકર લગાડેલા હશે તેની સામે કાયદેસરની કાર્યવાહી એસ.ટી.તંત્ર દ્વારા કરવામાં આવશે.



રાજયના પાટનગરમાં આવેલા ડેપો દ્વારા શહેરી બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ત્યારે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે અવર-જવર કરતી બસમાં મુસાફરી કરતા શહેરના મુસાફરો માટે થોડાક અંતરે બસ સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે.તો તોડા સમય અગાઉ લાકો રૂપીયાનો ખર્ચ કરીને નવી ડિઝાઈનવાળા બસ સ્ટેન્ડ તૈયાર કરાયા છે. જે ગરમી, ઠંડી તેમજ વરસાદની સિઝનમાં મુસાફરોને રક્ષણ પણ આપે તેવા બનાવાયા છે. ત્યારે આ સુંદર ડિઝાઈનથી તૈયાર કરાયેલા બસ સ્ટેન્ડ શહેરની સુંદરતામાં પણ વધારો કરી રહ્યા છે.પરંતુ છેલ્લા ઘણા સમયથી શહેરની ખાનગી સંસ્થાઓ દ્વારા જાહેરાતનું અસરકારક માધ્યમ બસ સ્ટેન્ડને બનાવ્યું હોય તેમ આડેધડ સ્ટીકરો ચોટાડવામાં આવ્યા છે. જે બસ સ્ટેન્ડને બદસુરત બનાવી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી આ પ્રકારે ગેરકાયદેસર રીતે સ્ટીકરો લગાડવામાં આવી રહ્યા છે. જેથી સમગ્ર બસ સ્ટેન્ડ જાહેરાતના સ્ટીકરોથી ઢંકાઈ જતા હોય તેવા હાલ નજરે પડી રહ્યા છે. જેને પગલે બસ સ્ટેન્ડ તેના મુળ સ્વરુપ કરતા જાહેરતનું માધ્યમ વધુ બની જતું લાગે છે. જેથી ગાંધીનગર એસ.ટી.તંત્ર દ્વારા આવી સંસ્થાઓ સામે લાલ આંખ કરવામાં આવશે. અને જે સ્ટીકરો બસ સ્ટેન્ડની અંદર લગાવેલા હશે તે સંસ્થાઓ પાસેથી દંડ વસુલવામાં આવશે અને નોટીસ પણ આપવામાં આવશે.

# ગાંધીનગરનો યુવાન એરપોર્ટમાં નોકરીના બહાને થતી ચીટિંગનો ભોગ બનતા બચી ગયો

**આ ગેંગની યુવતિએ પ્રથમ તબક્કામાં પોલીસ વેરિફિકેશનના નામે રૂ.૧૫૦૦ માંગ્યા : ખાનગી ખાતા નંબર જોઈ જાગૃત યુવાને રૂપિયા જમા ન કરાવ્યા એટલે યુવતીએ ગાળાગાળી શરૂ કરી દીધી ચિટર યુવતિએ ઈ-મેલ મારફતે મેળવેલા ડોક્યુમેન્ટનો દુર ઉપયોગ કરવાની ધમકી આપી**

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં રહેતા એક યુવાને અખબારોમાં આવતી નોકરીની જાહેરાતો વાંચી એરપોર્ટમાં નોકરી માટે ઓનલાઈન અરજી કરી હતી. એરપોર્ટમાં નોકરીના બહાને ચીટિંગ કરતી ગેંગ સક્રીય છે. સાવચેત થઈ ગયેલા આ યુવાને જાગૃતતા દાખવી એટલે એરપોર્ટમાં નોકરીના બહાને ચીટિંગ કરતી ગેંગની ટ્રેપનો ભોગ બનતા આ યુવાન બચી ગયો હતો. આ ગેંગની સાગરીત યુવતીએ મોબાઈલ ફોન પર મેસેજ દ્વારા મોકલેલા બેન્ક એકાઉન્ટ પર શંકા જતા તેણીએ માંગેલા પોલીસ વેરિફિકેશન રૂ.૧૫૦૦ જમા ન કરાવતા યુવતીએ ફોન પર જ ગાળાગાળી શરૂ કરી દીધી હતી અને જો રુપિયા જમા નહિ કરાવે તો ઈ-મેલ મારફતે મોકલેલા ડોક્યુમેન્ટનો દુરુપયોગ કરવાની ખુલ્લી ધમકી યુવાનને આપવામાં આવી હતી. આ યુવાને આખરે આ મામલે સેકટર-૭ પોલીસ મથકમાં અરજી નોંધાવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગર શહેરના સે-૮ ખાતે રહેતા અને સેક્ટર-૭ માં આવેલી નારાયણી ઈએનટી ક્લિનિક માં નોકરી કરતા મેહુલ પ્રફુલચંદ્ર પંડ્યાએ સેક્ટર-૭ પોલીસ મથકમાં અરજી આપી છે. જેમાં તેણે જણાવ્યું છે કે અખબારમાં નોકરીની જાહેરાત વાંચીને સુરત એરપોર્ટમાં નોકરી મેળવવા તેણે જાહેરાતમાં દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કર્યો હતો. જયા પાટીલ નામની યુવતીએ ફોન ઉપાડીને પોતે અમદાવાદ એરપોર્ટથી વાત કરતી હોવાનું જણાવી મેહુલ પંડ્યા પાસેથી ઈ-મેલ મારફતે તેના ડોક્યુમેન્ટ મંગાવ્યા હતા. સાથે જ કહ્યું હતું કે તમે દસ્તાવેજોની યાદી મોકલશો એટલે સૌ પહેલા દસ્તાવેજોની ખરાઈ થશે. એરપોર્ટ ઓથોરિટીને તેમના દસ્તાવેજો યોગ્ય લાગશે તો યોગ્ય ઉમેદવાર તરીકે પસંદ કરશે. આ સાંભળીને મેહુલે મેસેજ મારફત મેળવેલા ઈ-મેલ આઈડી ઉપર પોતાના ડોક્યુમેન્ટ્સ મેલ કર્યા હતા. પાસપોર્ટ સાઈઝનો ફોટો, કોલેજ પાસ કર્યાના પ્રમાણપત્રો તથા વિશિષ્ટ કોર્સનું પ્રમાણપત્ર સહિતના દસ્તાવેજો મેલ કરીને મેહુલે તેને અગાઉ જે નંબર પર વાત થઈ નંબર પર ફોન કરીને જયા પાટીલને જણાવ્યું હતું.

ચોથી ડિસેમ્બરે સવારે પોણા દસ વાગ્યે તેના પર ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારી પસંદગી સુરત એરપોર્ટ પર આસિસ્ટન્ટ મેનેજર તરીકે કરવામાં આવે છે. હવે તમારે અમે કહીએ તે બેંક ખાતામાં રુ.૧૫૦૦ તમારા પોલીસ વેરિફિકેશનના ખર્ચ માટે મોકલવાના રહેશે. ફોન કટ કરીને મેસેજ મારફતે બેંકનુ નામ, બેંકનો ખાતા નંબર, ખાતાધારકનું નામ તથા આઈએફએસસી કોડની વિગતો મેહુલના મોબાઈલ પર મોકલવામાં આવી હતી. આ વિગત પર નજર પડતા મેહુલને શંકા ગઈ હતી કે આ તો ખાનગી ખાતું હોય તેમ લાગે છે. આ શંકાનું સમાધાન કરવા તેણે બેંકમાં તપાસ કરાવી તો ખબર પડી કે 'લક્ષ્મીનગર નવી દિલ્હી' નામનુ ખાતું હતું. મેહુલ એ સતર્કતા દાખવીને આ ખાતામાં રૂપિયા જમા ન કરાવ્યા. તેને ખબર પડી ગઈ કે એરપોર્ટ ઓથોરિટીમાં નોકરીના બહાને છેતરપિંડી કરતી ગેંગની ટ્રેપમાં પોતે ફસાઈ ગયો છે. ફરીથી તેમનો ફોન આવ્યો એટલે મેહુલે ખાતામાં રૂપિયા જમા કરવાની ના પાડી એટલે ફોન પર જ તે યુવતીએ ગાળાગાળી શરૂ કરી દીધી હતી અને સ્પષ્ટ ધમકી આપી દીધી હતી કે જો તમે રૂપિયા જમા નહિ કરાવો તો તમારા મોકલેલા ડોક્યુમેન્ટનો અમે દૂરુપયોગ કરીશું. પોતાના દસ્તાવેજ નો દુરુપયોગ ન થાય તે માટે મેહુલે તકેદારીના ભાગરૂપે સ્થાનિક પોલીસ મથકમાં તેની સાથે બનેલા બનાવ અંગે જાણ કરી જાણવાજોગ અરજી આપી છે.



## માતૃભાષાના સંવર્ધન-સંરક્ષણ માટે કાર્યશાળા રૂપી શ્રેણીબધ્ધ પ્રયાસો

ગાંધીનગરમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા માતૃભાષા ગુજરાતીના સંરક્ષણ અને સંવર્ધન માટે પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. આ અંતર્ગત શહેરના સેક્ટર-૨૦ સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે શનિવારે કાર્યશાળા યોજાઈ હતી જે ચૌદમી કાર્યશાળા હતી. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત કાર્યશાળાઓમાં ગુજરાતી ભાષાનું પાયાના જ્ઞાન આપવામાં આવી રહ્યું છે જેમાં વર્ણમાળા, અનુસ્વારના નિયમો, જોડણીના નિયમો, વિભક્તિ વગેરેનો સમાવેશ થાય છે. પોતાની માતૃભાષાને સુધારવા રસ ધરાવતા રસિકો આ કાર્યશાળામાં નિયમિત અભ્યાસ પ્રાપ્ત કરી રહ્યાં છે જેમાં સાહિત્યકારો-લેખકો ઉપરાંત સરકારી કર્મચારીઓ અને નિવૃત્તો તથા યુવાનોનો પણ સમાવેશ થાય છે. આ કાર્યશાળા દર બીજા અને ચોથા શનિવારે યોજાય છે જેમાં ગુજરાતી ભાષાના વ્યાકરણથી માંડીને સાહિત્યિક કૃતિઓને આધારે ભાષા સંવર્ધન તથા સંરક્ષણનું કાર્ય કરવામાં આવે છે. કાર્યશાળામાં હર્ષદભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાના પાયાના નિયમો અંગે તાલીમ પુરી પાડી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**બેટા, મેં તો મત ઈવીએમ ને જ આપ્યો છે, જોઈએ હવે તે કોને આપે છે...!!!**

## આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની "વિસ્તૃત કારોબારી" બેઠક ૧૦મીએ સોમવાર સમય બપોરે :૩-૦૦ કલાકે પંચાયત પરિષદ,સે-૧૭,ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે યોજાશે જેમાં એ.આઈ.સી.સી સેક્રેટરીશ્રી જીતેન્દ્ર બઘેલજી, પ્રદેશ ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડ (મા.ધારાસભ્ય), જીલ્લા નિરીક્ષક સર્વશ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પૂર્વ ધારાસભ્ય) અને શ્રીમતી માયાબેન દવે, લોકસભા નિરીક્ષકો સર્વશ્રી સાગરભાઈ રાયકા, અશ્વિનભાઈ કોટવાલ, ડો.ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, વિધાનસભા નિરિક્ષકો, જીલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સહિત ધારાસભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



## ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે શ્રી ખાખરીયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ સમૂહ લગ્નોત્સવ સમિતિ દ્વારા આયોજીત ૨૪મો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૧૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ નવદંપતિઓને આશિર્વાદ આપવા મોટીસંખ્યામાં પ્રજાપતિ સમાજના ભાઈ બહેનો સપરિવાર ઉપસ્થિત રહ્યા હતા. આજે સવારથી જ રામકથા મેદાન ખાતે ઢોલ-ત્રાસા અને સંગીતની શુરાવલીઓ ના શુર વહેતા હતા. ખાખરીયા પ્રજાપતિ સમાજના ૨૪મા સમુહલગ્નોત્સવમાં સવારે ગણેશ સ્થાપના-મંડપ મુહર્ત, ત્યારબાદ સાવેર ૯.૧૫ કલાકે ગ્રહશાંતિ, વરરાજાઓને વાજતે ગાજતે લગ્ન મંડપમાં ધાર્મિક વિધી અનુસાર લાવવામાં આવ્યા હતા. જયારે બપોરે લગ્નબાદ સત્કાર સમારોહ યોજાયો હતો.

# ગુજરાતમાં 'સરપ્લસ' ફંડની જફા : AG કહે છે; નાણાં બેન્કોમાં મૂકો, સરકાર કહે GSFSમાં મૂકો

ગુજરાત સરકારના વિભાગો તેમજ બોર્ડ-કોર્પોરેશનના સરપ્લસ ફંડની જમા ઉભી થઈ છે. સરકારી કચેરીઓ, જાહેર સાહસો, સંસ્થાઓ અને સોસાયટીની વણ વપરાયેલી રકમ ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિઝ - જીએસએફએસ- માં મૂકવાનો રાજ્યના નાણા વિભાગે આદેશ તો કર્યો છે પરંતુ વિભાગોએ એવો ખુલાસો કર્યો હતો કે વધારાના ફંડના નાણાં અમે બેન્કમાં નહીં મૂકીએ તો ઓડિટર જનરલ - એજી- વાંધા ઉઠાવે છે. જો કે આ ખુલાસાનું ખંડન કરતાં નાણા વિભાગે સ્પષ્ટ સૂચના આપી છે કે સરપ્લસ ફંડ તમામ વિભાગો અને સરકારી કચેરીઓએ જીએસએફએસમાં મૂકવા અને એજીને લખીને કહેવું કે સરકારનો આદેશ છે તેથી અમે આ સરપ્લસ નાણાં બેન્કમાં મૂકતા નથી. નાણા વિભાગે કહ્યું છે કે જીએસએફએસમાં મૂકેલા નાણાંનું વ્યાજ બેન્કો કરતાં વધારે મળે છે. એ ઉપરાંત જમા રકમ ગમે ત્યારે ઉપાડવાની સુવિધા પણ મળે છે તેથી આવી સરપ્લસ રકમ

**ડૂબવાના આરે આવેલી એક કંપનીએ ગુજરાતના બે મોટા પ્રોજેક્ટ્સને પણ વિલંબમાં નાંખ્યા છે**

જીએસએફએસમાં મૂકવામાં આવે. સરકારની વારંવારની સૂચનાનું પાલન થતું ન હોવાનું ધ્યાને આવતા નાણા વિભાગને ફરીથી આદેશ કરવો પડ્યો છે. કેટલાક કેસોમાં વિભાગોએ એજી ને જાણ કરી છે તેમ છતાં સરપ્લસ નાણાં બેન્કોમાં જમા કરાવ્યા છે તે સ્વિકાર્ય નથી. હવે આવું થશે તો જે તે જવાબદાર અધિકારી સામે પગલાં લેવામાં આવશે. નાણા વિભાગ દ્વારા એવો પણ આદેશ કરવામાં આવ્યો છે કે જે સરકારી વિભાગો, કચેરી, બોર્ડ-કોર્પોરેશન, ટ્રસ્ટ, મિશન, સંસ્થા કે ઈન્સ્ટીટ્યુટે તેમના સરપ્લસ નાણાં બેન્કોમાં જમા કરાવ્યા હોય તેની યાદી બેન્ક ડિટેઈલ સાથે નાણા વિભાગમાં રજૂ કરવાની રહેશે.

**એક કંપનીએ બે પ્રોજેક્ટને મુશ્કેલીમાં મૂક્યાં છે...**

કોઈપણ કંપની કે જે મહત્વશીલ પ્રોજેક્ટ સાથે સંકળાયેલી હોય તે માંદી પડે અથવા તો આર્થિક મુશ્કેલીમાં આવે ત્યારે પ્રોજેક્ટને માઠી અસર પહોંચતી હોય છે. એક કંપનીના કારણે ગુજરાતના બે મોટા પ્રોજેક્ટ- ગિફ્ટ સિટી અને મેટ્રોરેલ ને માઠી અસર થઈ છે જેની કબૂલાત પણ સરકારે કરી છે. ભારતની ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીઝીંગ એન્ડ ફાયનાન્સિયલ સર્વિસીઝ (આઈએલ એન્ડ એફએસ) કંપનીની નાણાકીય મુશ્કેલીઓમાં વધારો થતાં ગિફ્ટ સિટીમાંથી કંપનીને રૂખસદ આપવાની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે હવે અમદાવાદ મેટ્રોરેલમાંથી પણ કંપનીને પડતી મૂકવામાં આવી શકે છે. આ કંપનીની પેટા કંપનીએ છેલ્લા બે મહિનાથી મેટ્રોનું કામ બંધ કરી દેતાં તેને નોટીસ આપવામાં આવી છે. મેગા-- કે જે મેટ્રોરેલની ઓથોરિટી છે તેણે નોટીસમાં જણાવ્યું છે કે કંપની કામ નહીં કરે તો બીજી કંપનીને કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવશે. કહેવાય છે કે ઓક્ટોબર મહિનામાં પ્રોજેક્ટના સ્ટાફને પગાર મળ્યા પછી કામ અટકી ગયું છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તો ગિફ્ટ સિટીમાં આઈએલ એન્ડ એફએસની ઉપસ્થિતિ અંગે કહ્યું હતું કે-સરકાર આ કંપનીનો ૫૦ ટકા હિસ્સો ખરીદી લેવાની તૈયારી કરી રહી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણ ક્ષેત્રની આ કંપની પોતાના દેવું ચૂકવી શકે તેમ નથી. જેને કારણે અનેક મોટી બેન્કો સંકંટમાં આવી ગઈ છે. આ સાથે જ પ્રોવિડન્ટ ફંડ અને પેન્શન ફંડમાં નાણાં રોકનારા સામાન્ય માણસોની પરસેવાની કમાણી દાવ પર લાગી ગઈ છે. કંપનીએ આશરે ૯૦ હજાર કરોડની લોન ચૂકવવાની બાકી છે. આઈએલ એન્ડ એફએસ એક એવી કંપની છે, જેની ૪૦ સહયોગી કંપની છે. આ એક નોન બેન્કિંગ ફાયનાન્સ કંપની છે. આ કંપની બેન્કો પાસેથી ધિરાણ મેળવે છે અને કંપની કોઈપણ સંપત્તિ ગિરવે રાખતી નથી અને માત્ર કાગળ પર લોન ભરપાઈ કરવાની ગેરંટી આપે છે.

## વૈશ્વિક સોલાર મિશનમાં ભારત પાંચમા ક્રમે જ્યારે સોલાર હબ કહેવાતું ગુજરાત દેશમાં છઠ્ઠા ક્રમે

**ટાઈમ લાઈન**

- ગૌતમ પુરોહિત

**મેટ્રોરેલના ત્રણ પ્રોજેક્ટનું ભાવિ અનિશ્ચિત છે...**

ગુજરાતની ભાજપ સરકારની યોજના છે કે અમદાવાદ પછી ગાંધીનગર, રાજકોટ, વડોદરા અને સુરતમાં મેટ્રોરેલની યોજના શરૂ કરવામાં આવશે, પરંતુ હકીકત એ છે કે ૧૫ વર્ષ જેટલો લાંબો સમય પસાર થયો હોવા છતાં અમદાવાદની મેટ્રોરેલ હજી શરૂ થઈ શકી નથી. આ મેટ્રોરેલનો પ્રથમ તબક્કો ૨૦૧૯માં પૂર્ણ થવાની સંભાવના છે. આ તબક્કો પૂર્ણ થયા પછી સરકારની યાદીમાં ગાંધીનગર આવે છે. અમદાવાદની મેટ્રોરેલને ગાંધીનગર સુધી જોડી દેવામાં આવશે. ભારત સરકારે ૨૦૦૩ના વર્ષમાં મેટ્રોરેલ શરૂ કરવા માટે દેશભરના શહેરોની યાદી મંગાવી હતી પરંતુ ગુજરાતે તે સમયે મેટ્રોરેલની જગ્યાએ બીઆરટીએસ પસંદ કરી અને જયપુર માટે રાજસ્થાને મેટ્રો પસંદ કરી હતી. ગુજરાતે ફરીથી ૨૦૦૭માં મેટ્રોરેલ માટે દરખાસ્ત કરી હતી જેને કેન્દ્રની યુપીએ સરકારે મંજૂરી આપી દીધી હતી. રાજસ્થાન આગળ હોવાથી જયપુરમાં લોકો મેટ્રોમાં સફર કરી રહ્યાં છે પરંતુ અમદાવાદમાં હજી રાહ જોવી પડશે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ દોડાવવાના ઈરાદા ૧૯૯૯માં આપણે રાખ્યા હતા. ચાર વર્ષ જવા દઈએ તો પણ ૧૫ વર્ષ થયા છે. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે એવું વચન આપ્યું હતું કે અમદાવાદ મેટ્રોરેલની જેમ સરકાર રાજકોટ, સુરત અને વડોદરામાં પણ મેટ્રોરેલનો પ્રોજેક્ટ શરૂ કરશે. જો અમદાવાદ મેટ્રોની આ હાલત હોય તો બાકીના શહેરો માટે તો આપણે ૨૦૩૦ સુધી રાહ જોવી પડશે.

**વિશ્વના સોલાર નકશામાં ભારત પાંચમાક્રમે છે...**

સોલાર પાવર કેપેસિટીમાં આજે પણ ચીન નંબર વન છે.



ચીનમાં ૧.૩૧ લાખ મેગાવોટ વીજળી સોલારથી ઉત્પન થાય છે. ચીન પછી અમેરિકાનો નંબર આવે છે. અમેરિકામાં ૫૧૦૦૦ મેગાવોટ વીજળી પેદા થાય છે. ભારતમાં સોલાર પાવર મિશન શરૂ કર્યા પછી અત્યાર સુધીમાં દેશમાં કુલ ૨૨૦૦૦ મેગાવોટ વીજળી પેદા કરી શકાઈ છે. ગ્લોબલ ફોટોવોલ્ટીક માર્કેટના રિપોર્ટ પ્રમાણે વિશ્વના ટોપ ફાઈવ કન્ટ્રીમાં ચીન અને અમેરિકા પછી જાપાન (૪૯૦૦૦ મેગાવોટ), જર્મની (૪૨૦૦૦ મેગાવોટ), ભારત (૨૨૦૦૦ મેગાવોટ)નો ક્રમ આવે છે. ભારત સમગ્ર વિશ્વમાં પાચમાક્રમે આવે છે. મિનિસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જીના રિપોર્ટ પ્રમાણે ભારતમાં છેલ્લા ચાર વર્ષમાં આઠગણું સોલાર પાવરનું ઉત્પાદન થયું છે. ચાર વર્ષ પહેલાં માત્ર ૨૬૩૦ મેગાવોટ વીજળી પેદા થતી હતી પરંતુ છેલ્લા આંકડા પ્રમાણે ૨૨,૦૦૦ મેગાવોટને પાર છે. ભારતના ૨૧ રાજ્યોમાં કુલ ૪૧ સોલાર પાર્ક બનાવવામાં આવ્યા છે જેની કેપેસિટી ૨૬૧૪૪ મેગાવોટની છે. જો કે દેશમાં ગુજરાતને સોલાર હબ બનાવવાના સપનાં તૂટ્યાં છે, કારણ કે ગુજરાત કરતા બીજા પાંચ રાજ્યો સોલાર વીજળી પેદા કરવામાં અગ્રતાક્રમ ધરાવે છે. આ રાજ્યોમાં કર્ણાટકા, તેલંગાણા, રાજસ્થાન, આંધ્રપ્રદેશ અને તામિલનાડુ આવે છે. કહેવાતા સોલાર હબ ગુજરાતનો ક્રમ છઠ્ઠો છે.

**સરકારમાં સોશ્યલ મિડીયાનો શુદ્ધ ઉપયોગ...**

ગુજરાત સરકાર ઈચ્છે તો પણ સોશ્યલ મિડીયાનો સરકારની કચેરીઓમાં ઉપયોગ ઓછો થઈ શકે તેમ નથી. આ એક એવું વ્યસન છે કે જેના વિના કોઈપણ ઉંમરના વ્યક્તિને ચાલે તેમ નથી. સરકારે એક આદેશમાં પ્રતિબંધ નહીં પણ કેટલાક નિયંત્રણો મૂક્યાં છે, કેમ કે ફેસબુક, વોટ્સઅપ અને ટ્વિટર જેવા માધ્યમો બંધ કરવા અઘરાં છે. સરકારી અધિકારીઓ કર્મચારીની રજા, માહિતી, ફાઈલ, ડોક્યુમેન્ટ્સ, ફોટા અને ઓફિશિયલ વિડીયો શેરીંગ માટે વોટ્સઅપનો સહારો લેતા હોય છે. તેના કારણે સરકારી કામ માટે કર્મચારીઓને ધક્કા થતા નથી અને વહીવટી કામમાં ઝડપ આવે છે. સરકારમાં સોશ્યલ માધ્યમનો આ બહુ મોટો ફાયદો છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે તેમના વિભાગમાં ટ્વિટર એકાઉન્ટ બનાવવાની સૂચના આપ્યા પછી પ્રત્યેક જિલ્લા કલેક્ટર કચેરી ટ્વિટરનો ઉપયોગ કરતી થઈ ગઈ છે. ટ્વિટર પર પ્રશ્નો સાંભળે છે અને ત્વરીત નિરાકરણ લાવે છે. એટલે જ કહેવાય છે કે માહિતી મેળવવાના યુગમાં કોઈજગ્યાએ સોશ્યલ મિડીયા માટે પ્રતિબંધ મૂકી શકાતો નથી પરંતુ તેના પર નિયંત્રણ રાખી શકાય છે. કેટલાક રાજ્યોમાં અધિકારીઓ તેમના વિરોધીઓને ખુલ્લા પાડવા સોશ્યલ મિડીયાનો સહારો લેતાં જોવા મળ્યા છે જેથી ગુજરાત સરકારે પાણી પહેલાં પાળ બાંધી છે. સાવધાનની સૂચનામાં સરકારે કહ્યું છે કે સરકારી કામગીરીના કલાકો બગાડ્યા વિના સોશ્યલ મિડીયા જેવાં કે ફેસબુક, ટ્વિટર અને વોટ્સઅપ વાપરી શકાય છે, જો કે સત્તાવાર માધ્યમ તરીકે સરકારી ઈ-મેઈલ અને ટેલીફોન એ મુખ્ય પ્લેટફોર્મ રહેશે.

**તમારો ફોન ટેપ થાય છે કે નહીં તે જાણવું છે...**

તમારો મોબાઈલ ફોન ટેપ થતો હોવાની શંકા હોય તો તેનો ઉકેલ છે. તમારો ફોન ટેપ થાય છે કે કેમ તે શોધવું હોય તો રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ શોધી શકાય છે. આ માહિતી તમને ટેલિકોમ રેગ્યુલેટર ઓથોરિટી -ટ્રાઈ- આપી શકે છે. દિલ્હી હાઈકોર્ટે તેના એક

**ચૂંટણી પૂર્ણ થઇ છે તેવા પાંચ રાજ્યો પૈકી ચાર રાજ્યોમાં કોંગ્રેસના નેતાઓ મોસ્ટ પોપ્યુલર છે**

ચૂકાદામાં કહ્યું છે કે ટ્રાઈ એ આવેદક તરફથી તેમના ફોનના સર્વેલન્સ અથવા ટ્રેકિંગની જાણકારી આપવી પડશે, કેમ કે ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડ પાસેથી પ્રત્યેક વ્યક્તિ માહિતી મેળવવાનો અધિકારી છે. અદાલતે તાજેતરમાં જે ચુકાદો આપ્યો તે મુજબ જો કોઈ પબ્લિક ઓથોરિટી પાસે આરટીઆઈ એક્ટ સેકશન હેઠળ પ્રાઈવેટ એકમ પાસેથી વ્યક્તિને તેમની જરૂરી માહિતી માંગવાનો અધિકાર છે અને તેમને તે અંગેની જાણકારી આપવી તે પબ્લિક ઓથોરિટીની ફરજ પણ છે. એટલે કે હવે કોઈપણ વ્યક્તિને એવી શંકા જાય કે તેનો ફોન ટેપ થાય છે અથવા સર્વેલન્સમાં મૂકવામાં આવ્યો છે તો તે આરટીઆઈ એક્ટ પ્રમાણે વિગતો માગી શકે છે. આ માહિતી આપવા માટે ટેલીફોનના સર્વિસ પ્રોવાઈડરો બંધાયેલા છે.

**પાંચ પૈકી ચાર રાજ્યોમાં કોંગ્રેસ હોટ ફેવરિટ...**

ભારતના પાંચ રાજ્યોની ચૂંટણીનું પરિણામ ૧૧મી ડિસેમ્બરે આવવાનું છે ત્યારે આ પાંચ રાજ્યોમાં ચૂંટણી અગાઉ થયેલા સર્વે પ્રમાણે પોપ્યુલારિટીનો ગ્રાફ કાઢવામાં આવ્યો હતો જે રસપ્રદ છે. છત્તીસગઢમાં ભાજપના વર્તમાન મુખ્યમંત્રી રમણસિંઘ છે, જેમની સામે અજીત જોગીને ઉતારવામાં આવ્યા છે. જો કે રમણસિંઘની પોપ્યુલારિટી ૩૬.૨ ટકા છે જ્યારે જોગીની માત્ર ૨૦.૧ ટકા છે.

મધ્યપ્રદેશમાં ભાજપના વર્તમાન મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ છે જેમની સામે કોંગ્રેસે જ્યોતિરાદિત્ય સિંધિયાને ઉતાર્યા છે. શિવરાજસિંહનો ગ્રાફ ૩૭.૪ ટકા છે જ્યારે સિંધિયાનો ૪૧.૬ ટકા છે. રાજસ્થાનમાં ભાજપના વસુંધરા રાજે મુખ્યમંત્રી છે જેમની સામે કોંગ્રેસના સચિન પાયલોટ મુખ્યમંત્રી પદના દાવેદાર છે તેમને રાજ્યની જનતાએ ૩૮.૭ ટકા મત આપેલા છે જ્યારે વસુંધરાને માત્ર ૨૨.૭ ટકા મત મળેલા છે. તેલંગાણામાં ચંન્દ્રશેખર રાવ કે જે ટીઆરએસ પાર્ટીના છે તેમને ૪૨.૯ ટકા મળ્યા છે જ્યારે કોંગ્રેસના કે. જનારેડ્ડીને ૨૨.૬ ટકા મત મળ્યા છે. નાનકડા રાજ્ય મિઝોરમમાં કોંગ્રેસના લાલ થાન્હવાલાને ૨૭.૩ ટકા મતો મળેલા છે જ્યારે એમએમએફના ઝોરમથાંગાને ૨૫.૪ ટકા મતો મળ્યા હતા. પોપ્યુલારિટીની દ્રષ્ટિએ જોઈએ તો રમણસિંઘને બાદ કરતાં ચાર રાજ્યોમાં કોંગ્રેસના ઉમેદવારોને વધુ મતો મળ્યા છે પરંતુ કોંગ્રેસે આ નેતાઓને ઓફિસિયલ સીએમ કેન્ડિડેટ તરીકે જાહેર કર્યા નથી.